






ગૌતમ પરમાર સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઇ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનર ને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર કલીનિક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી એ.એમ. પટેલ પોલીસ ઈન્સપેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા શ્રી જે.કે.મોરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી.શાખા, તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, લીલીયા તથા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, લીલીયા તાલુકાનાં સલડી ગામે હવેલી શેરીમા મનુભાઇ રામજીભાઇ રામાણીના રહેણાંક મકાનમાં ચાંમુડા ક્લીનિક નામે નિલેશભાઇ સુર્યકાંતભાઇ મહેતા તથા સાવરકુંડલા મણીનગર મસ્જીદ પાસે, અલસીફા નામનું ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચલાવતા હોય જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, તથા ફાર્માસીસ્ટ સાથે રેઇડ કરતા મજકુર ઈસમોને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઇન્જેકશન તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## પકડાયેલ આરોપીઓ :-

(૧) નિલેશભાઇ સુર્યકાંતભાઇ મહેતા, ઉ.વ.૪૯, ધંધો-ડોકટર, રહે.સલડી હવેલી શેરી, તા.લીલીયા, જી.અમરેલી

(૨) નિતીભાઇ ડાયાભાઇ પંડ્યા,ઉ.વ.પર,ધંધો-ડોકટર રહે.અમરેલી, લીલીયા રોડ રેલ્વે ફાટક પાસે, તા.જી.અમરેલી

(૩) રફીકભાઇ વલીમહમદભાઇ જાદવ, ઉ.વ.૪૭ ધંધો-ડોકટર, રહે.સાવરકુંડલા, મણીનગર મસ્જીદ પાછળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

## કબ્જે કરેલ મુદ્દામાલ :-

મજકુર પકડાયેલ ઈસમ (૧) નિલેશભાઇ સુર્યકાંતભાઇ મહેતા પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ-પ૪ કિરૂ.૧૦.,૪૩૬ ના મુદ્દામાલ-/સાથે તથા (૨) નિતીભાઇ ડાયાભાઇ પંડ્યા પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ ૬૨-કિરૂ.૨૨.,૭૦૩ -/ના મુદ્દામાલ સાથે (૩) રફીકભાઇ વલીમહમદભાઇ જાદવ પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ-૧૯ કિ.રૂ.૫,૨૮૧ -/ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને ત્રણેય ઈસમો વિરૂધ્ધ ગુનાઓ રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે લીલીયા તથા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ શ્રી એ.એમ. પટેલ પોલીસ ઈન્સપેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા શ્રી જે.કે.મોરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી.શાખા, તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા ત્રણ બોગસ ડોક્ટરોને એલોપેથીક દવાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

તા.૨૭/૧૨/૨૦૨૨

## ડુંગર પોલીસ સ્ટેશનના ડોળીયા ગામે મંદિરમાંથી ચોરી કરનાર ઇસમને પકડી, મુદ્દામાલ રીકવર કરી, મંદિર ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.

⇨ ગુન્હાની વિગતઃ-

તા.૧૮/૧૨/૨૦૨૨ ની રાત્રીના રાજુલા તાલુકાના ડોળીયા ગામે આવેલ મેલડી માતાના મંદિરમાં કોઇ અજાણ્યા ચોર ઇસમ પ્રવેશ કરી દાનપેટીનું તાળુ તોડી રોકડ રકમ આશરે રૂ.૧૦૦૦/- તથા ચાંદીના સતર નંગ – ૧૬ તથા રખાદાદાની દેરીની દાનપેટીમાં રાખેલ રોકડ રકમ આશરે રૂ.૭,૦૦૦/- તથા ચાંદીના સતર નંગ – ૮ બન્ને જગ્યાએથી કુલ ચાંદીના સતર નંગ – ૭૦ કિં.રૂ.૭,૦૦૦/- તથા રોકડ રૂ.૮,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૫,૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે કનુભાઇ મધુભાઇ પોપટ, ઉ.વ.૩૭, રહે.ડોળીયા, પ્રાથમિક શાળાની બાજુમાં, તા.રાજુલા, જિ.અમરેલી વાળાએ ફરીયાદ જાહેર કરતા, નાગેરી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૬૦૨૨૦૩૩૩/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ નોંધાયેલ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ તથા ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી હરેશ વોરા સાહેબનાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ કરવા એલ.સી.બી.ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૨૭/૧૨/૨૦૨૨ નાં રોજ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે રાજુલા, હવેલી ચોક રોડ ઉપરથી એક ઇસમને પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ ચાંદીના સતર તથા રોકડ રકમ મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા ડુંગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપવા તજવીજ કરેલ છે.

⇨ પકડાયેલ આરોપીઃ-

રાજુગીરી ભગવાનગીરી ગૌસ્વામી, ઉ.વ.૪૩, રહે.ડોળીયા, ભીમનાથ મહાવેદનો આશ્રમ, તા.રાજુલા, જિ.અમરેલી.

⇨ રીકવર થયેલ મુદ્દામાલઃ-

રોકડ રૂ.૮,૦૦૦/- તથા ચાંદીના સતર નંગ – ૭૦ કિં.રૂ.૧૯,૩૦૦/- મળી **કુલ કિં.રૂ.૨૭,૩૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા, તથા પો.કોન્સ. વિનુભાઇ બારૈયા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઇ બાબરીયા, ગોકળભાઇ કળોતરા, તુષારભાઇ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

તા.૩૦/૧૨/૨૦૨૨

## અમરદાવાદ ગ્રામ્યના ધંધુકા પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી  ગૌતમ પરમાર સાહેબ નાઓએ નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગંભીર ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં તથા બહારના જિલ્લાઓમાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા અમરેલી જિલ્લામાં રહેતા આવા નાસતા ફરતાં આરોપીઓ ઉપર વોચ રાખી, પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધંધુકા પોલીસ સ્ટેશન ગુર.નં.૧૧૧૯૨૦૧૮૨૨૦૩૦૫. ૨૦૨૨ પશુ સરક્ષણ/અધિનિયમ ૧૯૫૪ના સુધારા અધિનિયમ ૨૦૧૭ની કલમ ૬)એ(૪)(, ૮(૨), ૧૦ તથા પશુ પ્રત્યે ધાતકીપણાની કલમ ૧૧(ડી)(ઇ)(એફ)(એચ) તથા એમ.વી.એક્ટ કલમ ૧૯૨)એ) મુજબના કામનો આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય, મજકુર આરોપીને ગઇ કાલ તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ અમરેલી, રાજકમલ ચોકથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપી, ધંધુકા પોલીસ સ્ટેશન જાણ કરવા તજવીજ કરેલ છે.

⇨ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

કિશોર બહાદુરભાઇ વાઘેલા, ઉ.વ.૩૦, રહે.સનાળી, પ્લોટ વિસ્તાર, તા.વડીયા, જિ.અમરેલી.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી  વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, તથા હેડ કોન્સ. અજયભાઇ સોલંકી તથા પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, ઉદયભાઇ મેણીયા  દ્વારા કરવામાં આવેલ છે.

તા.૨૭/૧૨/૨૦૨૨

**સાવરકુંડલાથી અમરેલી જતા ઇસમને મોટર સાયકલમાં બેસાડી, રસ્તામાં માર મારી લુંટ કરનાર ઇસમને પકડી પાડી, લુંટનો ગુન્હો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

➯ **ગુન્હાઓની વિગતઃ-**

મદનસીંગ ગણપતસીંગ રાજપુત, ઉ.વ.૩૮, રહે.મુળ બળકોચરા, તા.બિહાવર, જિ.અજમેર (રાજસ્થાન) હાલ રહે.ધજડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળા ધજડી ગામથી પોતાના વતન રાજસ્થાન જવા માટે ગઇ તા.૨૧/૧૨/૨૦૨૨ ના રોજ નિકળેલ, તે વખતે કલાક ૧૦/૦૦ વાગ્યે સારવરકુંડલા પીકઅપ બસ સ્ટેન્ડથી એક ઇસમ મોટર સાયકલ લઇ આવી, મદનસીંગને અમરેલી જતા હોવાનું કહી, મોટર સાયકલમાં બેસાડી, ચરખડીયાથી આગળ નદીમાં મોટર સાયકલ ઉભુ રાખી, મદનસીંગને મોટર સાયકલમાંથી નીચે ઉતારી, લાકડી વતી શરીરે આડેધડ માર મારી માથાના પાછળના ભાગે ઇજા કરી, મદનસીંગના પેન્ટના ખીસ્સામાંથી એક વીવો કંપનીનો મોબાઇલ ફોન કી.રૂ.૩૦૦૦/- તથા રોકડ રૂ.૧૫૦૦૦/- કાઢી લઇ ગુન્હો કરેલ હોય, જે અંગે મદનસીંગ ગણપતસિંગ રાજપુત એ અજાણ્યા આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા **સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૨૨૨૦૯૧૯/ ૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૯૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબનો ગુન્હો રજી. થયેલ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ગંભીર અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓએ આ પ્રકારના ગંભીર અનડીટેક્ટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ લુંટના ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી, આવા વર્ણન વાળા ઇસમો અને આ પ્રકારના ગુનાઓ કરવાની એમ.ઓ. ધરાવતા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવેલ. અનડીટેક્ટ ગુનાના આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમ્યાન બાતમી રાહે હકિકત મળેલ કે સાવરકુંડલા, ખાતરવાડીએ આવેલ કાળ ભૈરવદાદાના મંદિરે એક ઇસમ ચોરી અથવા છળકપટથી મેળવેલ મોબાઇલ ફોન વેચવાની પેરવીમાં છે, તેવી હકીકત મળતાં તુર્ત જ એલ.સી.બી. દ્વારા મળેલ મળેલ બાતમી આધારે વર્ણન વાળા એક ઇસમને પકડી પાડી, તેમની અંગઝડતી કરતાં, તેમની પાસેથી લુંટનો મોબાઇલ ફોન મળી આવેલ. પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતાં તેઓએ ઉપરોકત અનડીટેક્ટ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

➯ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**મુકેશ ભુપતભાઇ ચોરાલા, ઉ.વ.૩૦, રહે.આદસંગ ગામની સીમ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી, મુળ રહે. બગસરા, અમરેલી રોડ, બાયપાસ પાસે તા.બગસરા, જિ.અમરેલી.**

➯ **પકડાયેલ મુદ્દામાલઃ-**

**એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૩,૦૦૦/- તથા રોકડા રૂ.૫૦૦/- તથા મોટર સાયકલ – ૧ કિં.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૩,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, ઘનશ્યામભાઇ મકવાણા દ્વારા કરવામાં આવેલ છે.